ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ : સવારે ૯૨ ટકા ● સાંજે ૧૦૦ ટકા
૨૪ કલાક દરમિયાન વરસાદ ૫૦ મી.મી.

# આજથી પવિત્ર ગૌરી વ્રતનો પ્રારંભ

ગાંધીનગર, તા.૩

આવતીકાલથી શહેરમાં ગૌરી વ્રતનો પ્રારંભ થાય છે. ગૌરી વ્રત કુંવારિકાઓ સારા વરની પ્રાપ્તિ માટે કરે છે. વળી, આ વ્રતના પ્રતાપે અભ્યાસમાં પણ લાભ થાય છે. શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર ગૌરી વ્રત પૌરાણિક કાળથી મહત્વ ધરાવે છે. આ વ્રતની પૂર્ણાહુતિ અષાઢ સુદ પુનમના દિવસો જાગરણ સાથે કરવામાં આવે છે. અષાઢી બીજથી રથયાત્રા બાદ તહેવારોની હારમાળાનો પ્રારંભ થાય છે જેમાં ગૌરી વ્રત અને જયા પાર્વતીનું વ્રત તુરંત જ આવે છે. શહેરની બાળાઓ વ્રતની ઉત્સાહપૂર્વક ઉજવણી કરશે.

ગૌરી વ્રતમાં કુંવારી બાળાઓ દિવસ દરમિયાન મોળુ ખાઈને ગોરમાની પુજા કરે છે. આ સાથે તેઓ જવારા ઉછેરે છે તેનું પાંચ દિવસ સુધી જતન કરી પૂજન કરે છે. છેલ્લા દિવસે જવારાનું પૂજન બાદ વિસર્જન કરવામાં આવે છે. પાંચ પાંચ દિવસ સુધી મીઠા વગરનું એક ટાણું કરતી બાળાઓ માટે તેમના મા-બાપ ડ્રાય ફ્રુટસ વગેરેની વ્યવસ્થા કરતા હોય છે. રોજ સવારે વહેલા ઉઠી નાહી-ધોઈને તૈયાર થયા બાદ બાળાઓ ગૌરમાના પૂજન માટે એકઠી થાય છે અને તેમની વાર્તા પણ સાંભળે છે. આ વ્રતના કારણે દિકરીઓમાં ધાર્મિકતા અને પરિવાર ભાવનાના સંસ્કારનું સિંચન થાય છે. આ વ્રત સતત પાંચ વર્ષ કરવામાં આવે છે. ત્યાર બાદ છેલ્લા વર્ષે અન્ય પાંચ કુંવારિકાઓને જમાડી વ્રતનું ઉજવણું કરવામાં આવે છે. આ સાથે જયા પાર્વતીનું વ્રત કરનાર કન્યાઓ શિવ મંદિરે અબીલ ગુલાલ અને ચોખાથી પૂજન કરે છે.

ગુજરાતમાં ધાર્મિક પરંપરાઓ પૌરાણિક કાળથી લોકપ્રિય છે જેમાં કુંવારી બાળાઓ માટેનું ગૌરીવ્રત વિશેષ મહત્વ ધરાવે છે. આ વ્રત અષાઢી સુદ એકાદશીથી પ્રારંભ કરવામાં આવે છે જેમાં માતા પાર્વતીની આરાધના કરાય છે. પૌરાણિક માન્યતા અનુસાર શિવને પામવા માતા પાર્વતીએ કઠોર તપ કર્યું હતું એ જ રીતે કુંવારિકાઓ યોગ્ય જીવનસાથીને પામવા આ વ્રત કરે છે અને વ્રત દરમિયાન માતા પાર્વતી તથા સૂર્યદેવની પૂજા આરાધના કરે છે. વ્રતના અંતિમ દિવસે યુવતીઓ આખી રાતનું જાગરણ કરે છે અને સવાર સુધી જાગરણ કર્યા બાદ સવારે બ્રાહ્મણના ઘરે ભોજનની વસ્તુ સાથેનું 'સીધું' આપીને વ્રતની પૂર્ણાહુતિ કરે છે.

રથયાત્રા બાદ આવતા આ પ્રથમ વ્રતથી તહેવારોની હારમાળાનો પ્રારંભ થાય છે. જેમાં રક્ષાબંધન, હિંડોળા ઉત્સવ, શ્રાવણ માસ, જન્માષ્ટમી, ગણેશોત્સવથી માંડીને નવરાત્રિ, શરદોત્સવ અને દિવાળી અને નૂતન વર્ષના પ્રારંભ સાથે આ હારમાળાની પૂર્ણાહુતિ થાય છે.



## વાતવાતમાં

● વિવિધ ક્ષેત્રની વ્યકિતઓના ઈશ્વર વિશે ગુજરાતની ખ્યાતનામ હસ્તિઓને થયેલા પોતાના અનુભવ, અવલોકન તથા અભિપ્રાયને આધારે લખેલા લેખોના સંગ્રહને આવરી લેતું પુસ્તક 'હું ઈશ્વરમાં માનું છું... કારણ કે...' ઈમેજ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં ગાંધીનગરના ચાર લેખકો ડંકેશ ઓઝા, પ્રવિણ ગઢવી, મનોજ શુકલ તથા દલપત પઢિયારના લેખોનો પણ સમાવેશ કરાયો છે.

● શહેરમાં સતત વરસાદને પગલે શહેરની કેટલીક શાળાઓના કેમ્પસમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. વળી આગામી ૨૪ કલાકમાં હજુ ભારે વરસાદની આગાહીના પગલે બાળકોને શાળાઓ મોકલવા કે નહી તે અંગે વાલીઓમાં ભારે અવઢવ જોવા મળી રહી છે.

● વરસાદી મોસમનો પ્રારંભ તથા જ શહેરમાં સરિસૃપો દેખાવાનું પણ પ્રારંભ થઈ ગયું છે કારણ કે ચોમાસાની ઋતુ સર્પો માટે ફુડ ફેસ્ટિવલ સમાન ગણાય છે. સે-૧૧માં છેલ્લા બે દિવસમાં ત્રણથી ચાર જગ્યાએ સાપ નીકળવાની ઘટના જોવા મળી હતી.

● શહેરના ગ માર્ગ પર સે-૧૨ નજીક વરસાદી પાણીના ખાબોચિયા પાસે બેદરકારી ભરી રીતે કાર હંકારવાને કારણે બાઈક સવાર પર ગંદા પાણીના છાંટા ઉડતા તે બંને વચ્ચે માથાકૂટ થવા પામી હતી જેને પગલે ટોળું એકત્ર થતા કારચાલકે 'સોરી' કહી ચાલતી પકડી હતી.

# રાજયકક્ષાની રૉલ બૉલ સ્પર્ધામાં ગાંધીનગર ગ્રામ્ય ગર્લ્સ ટીમ પ્રથમ ક્રમાંકે વિજેતા



ગાંધીનગર, તા.૩

તાજેતરમાં વડોદરા ખાતે યોજાયેલ રાજયકક્ષાની રૉલ બૉલ સ્પર્ધામાં ગાંધીનગર ગ્રામ્ય ગર્લ્સ ટીમે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

રાજયકક્ષાની રૉલ બૉલ રમતની અંડર-૧૪ કેટેગરી માટેની સ્પર્ધા તા. ૨જી જુલાઈએ વડોદરા ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધા બૉયઝ તેમજ ગર્લ્સ બંને માટે યોજવામાં આવી હતી. જેમાં કુલ ૧૭૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગર્લ્સ વિભાગમાં ગાંધીનગર ગ્રામ્યની ટીમે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જયારે સુરત શહેર ટીમ દ્વિતિય ક્રમે અને સુરત ગ્રામ્ય તૃતીય ક્રમે વિજેતા બની હતી. બૉયઝ વિભાગમાં સુરત ગ્રામ્ય પ્રથમ ક્રમે, સુરત ગજેરા દ્વિતિય ક્રમે તથા અમદાવાદ અને વડોદરાની ટીમો તૃતીય ક્રમે વિજેતા બની હતી. આ સ્પર્ધામાં રૉલ બૉલ એસોસિએશન ઓફ ગુજરાતના પ્રમુખ ધર્મેશ પરમાર તથા મંત્રી દિવ્યેશ ગોહિલે ઉપસ્થિત રહી સ્પર્ધકોનો જુસ્સો વધાર્યો હતો.

# કૌશલ્ય લેડીઝ કલબ દ્વારા મહિલાઓ માટે 'હાઉસી'નું આયોજન

## હાઉસીની આવક ગરીબ કન્યાઓના કરિયાવર માટે વપરાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં કૌશલ્ય લેડીઝ કલબ દ્વારા એક અનોખી 'હાઉસી' ગેમનું આયોજન કરવામાં આવ્યું છે. આ હાઉસી ફકત મહિલાઓ માટે યોજાશે તથા તેમાંથી થનાર આવકને સંસ્થા દ્વારા શહેરની ઝુંપડપટ્ટીમાં વસતા જરૂરીયાતમંદ વર્ગના પરિવારની દિકરીઓના કરિયાવર કરવામાં વાપરવામાં આવશે.

શહેરમાં સેવાભાવી મહિલાઓ દ્વારા 'કૌશલ્ય લેડીઝ કલબ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સંસ્થા દ્વારા શહેરમાં ઝુંપડપટ્ટી વિસ્તારોમાં રહેતા ગરીબ અને જરૂરિયાતમંદ વર્ગના પરિવારોની દિકરીઓને તેમના લગ્ન સમયે કરિયાવર પુરો પાડવાના હેતુથી આર્થિક સહયોગ માટે હાઉસી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ હાઉસી આગામી તા. ૬ઠ્ઠી જુને સે-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે બપોરે ૨ થી ૫ કલાકે યોજાશે. આ સ્પર્ધામાં શહેરની મહિલાઓને ઉત્સાહભેર ભાગ લેવા નિમંત્રિત કરાઈ છે. સ્પર્ધાના નિયમો પ્રવેશ શુલ્ક તથા અન્ય માહિતી માટે મો.નં. ૯૮૨૫૪૯૪૩૯૭ અથવા ૯૯૨૫૨૩૪૯૮૫ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

# ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર, તા.૩

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની વાર્ષિક સામાન્ય સભા તાજેતરમાં સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પરમારના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષની પ્રવૃતિઓનો વાર્ષિક અહેવાલ અને હિસાબ તથા ઓડીટરની નિમણુંક કરવા ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કાયદાકીય જ્ઞાન ગોષ્ઠી નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાના હોદેદારોએ અત્યાચાર નિવારણ કાયદો, મહિલાઅને બાળ સંરક્ષણ કાયદો, અને કાનુની સેવા સત્તામંડળની જોગવાઈઓ અંગે એડવોકેટ દુર્ગેશ ઈરેનપુરિયાને પુછતા તેઓએ તમામ કાયદાની સવિસ્તાર માહિતી આપી હતી.

ગાંધીનગર ખાતે ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશનની યોજાયેલ વાર્ષિક બેઠકમાં ઉપસ્થિત હોદેદારોએ અનુસુચિત જાતિ પેટા યોજના બંધ થતા અનુસુચિત જાતિના સામાજીક આર્થિક વિકાસ માટે અલગ સ્પેશીયલ નાણાંકીય જોગવાઈ કરવાનું બંધ થતાં વિકાસ રુધાંઈ રહ્યો છે. તેથી તેના સ્થાને તેલંગણા સરકારે અનુસુચિત જાતિના સામાજીક, આર્થિક વિકાસ માટે પેટા યોજનાના સ્થાને શેડયુલ્ડ કાસ્ટ સ્પેશિયલ ડેવલપમેન્ટ ફંડ એકટ વસ્તીના ધોરણે નાણાકીય જોગવાઈ કરવાનો કાયદો અમલમાં મુક્યો છે. તેવો જ કાયદો ગુજરાત રાજયમાં ઘડવા માટે માટે સામાન્ય સભામાં સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ સામાન્ય સભાનું સંચાલન સંસ્થાના મહામંત્રી વિરચંદભાઈ પરમારે કર્યું હતું. અને જ્ઞાનગોષ્ઠિ કાર્યક્રમનું સંચાલન જીવણલાલ સિંધવે કર્યું હતું. જયારે આભાર વિધી નટવરલાલ જાદવે કરી હતી.

# ગાંધીનગર કડવા પાટીદાર સમાજના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના કડવા પાટીદાર સમાજની કારોબારી બેઠક તા. ૧લી જુલાઈ શનિવારે ગોવિંદભાઈ પટેલના અધ્યક્ષપદે યોજાઈ હતી. આ બેઠકમાં સંસ્થાના નવા હોદ્દેદારોની નિયુકિત ઉપરાંત છેલ્લા બે વર્ષની કામગીરીની સમીક્ષા જેવી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

કડવા પાટીદાર સમાજની કારોબારી બેઠક ગોવિંદભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. આ બેઠકમાં સંસ્થાના પ્રમુખ પદે માણસાના ભરતભાઈ બી. પટેલ પ્રમુખપદે, આંકવીના ભોળાભાઈ આઈ. પટેલ મહામંત્રી પદે, ઐઠોરના ગણેશભાઈ એસ. પટેલ ખજાનચી પદે, રાયસણના મનુભાઈ બી. પટેલ ઉપપ્રમુખ પદે તથા ઊંઝાના દિલીપભાઈ એસ. પટેલ અને પડુસ્માના મહેન્દ્રભાઈ એ. પટેલની સહમંત્રી પદે નિયુકિત કરવામાં આવી હતી. અત્રે



ઉલ્લેખનીય છે કે અગાઉ તા.૧૮મી જુને મળેલી સંસ્થાની ૩૭મી વાર્ષિક સામાન્ય સભામાં આંતરિક ઓડિટર તરીકે જુનાગઢના ડાહ્યાભાઈ વી. વાછાણીની નિમણુંક કરવામાં આવી હતી તથા તે સાથે ૩૫ સેકટર પ્રતિનિધિઓની પણ કારોબારી સભ્ય પદે વરણી કરવામાં આવી હતી.

## આઈ લવ માય ગાંધીનગર



**કાજલ વૈષ્ણવ**
વિદ્યાર્થી

**ગાંધીનગર ગમે**
પ્રાકૃતિક સુંદરતા, ભરપૂર મોકળાશ અને મન હરી લેતાં લોકોને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**
કોઈના માટે કંઈક કરી છૂટે એવાં અને જેમના માટે આપણને કંઈક કરી છૂટવાનું મન થાય એવાં સંવેદનશીલ નગરનો આ નગરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
કડી સર્વ વિશ્વવિદ્યાલય, કીપ સ્માઈલિંગ ગૃપ, જેસીઆઈ, ગ્રો ફાઉન્ડેશન, જુનિયર સિટિઝન કાઉન્સિલ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ તેમજ જી ઈ કલબ દ્વારા કરવામાં આવતી સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**
વ્યક્તિત્વ વિકાસના ઉપક્રમો ઉપર ભાર મૂકવામાં આવે ને વધુમાં વધુ યુવા વર્ગને આ ઉપક્રમોમાં જોડવામાં આવે તો એનો ફાયદો નગરને મળી શકે તેમ છે.

**નગર માટે હું કરી શકું**
વ્યક્તિત્વ વિકાસના ઉપક્રમો માટે નગરને મારા અનુભવનું ભાથું આપવા માટે હું તૈયાર છું.

# ધો-૧૨ના જુના વિદ્યાર્થીઓ માટે ઓકટોબરમાં પૂરક પરીક્ષા યોજાશે

ગાંધીનગર, તા.૩

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના અભ્યાસક્રમમાં ફેરફાર થતા ધોરણ-૧૨ના જૂના અભ્યાસક્રમ મુજબ અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓ જે અસફળ હોય તેવા વિદ્યાર્થીઓ એક થી વધુ વિષયોની પૂરક પરીક્ષા આપી શકે તે માટે શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને સૂચના આપતા બોર્ડ દ્વારા આવા વિદ્યાર્થીઓ માટે ઓકટોબર-૨૦૧૭માં દિવાળીની જાહેર રજાઓ દરમિયાન ખાસ પરીક્ષાનું આયોજન કર્યું છે. અંદાજે ૨.૫ લાખ વિદ્યાર્થીઓને લાભ મળશે. આ નિર્ણયથી રાજયમાં એક કરતા વધુ વિષયમાં અસફળ રહેલા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને આ પરીક્ષાનો લાભ મળશે જે તેમની ભાવી કારકીર્દિમાં ઉપયોગી થશે.

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૨૪ જેટલા વિષયોના પાઠયપુસ્તકોનો અભ્યાસક્રમ વર્ષ ૨૦૧૭-૧૮થી બદલાયેલ છે. સામાન્ય પ્રવાહમાં જુલાઈ માસ દરમિયાન એક વિષયની પૂરક પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવે છે.

ઓકટોબર-૨૦૧૭માં દિવાળીની જાહેર રજાઓ દરમિયાન જે ખાસ પરીક્ષાનું આયોજન કરાનાર છે તેની વિગતો આગામી દિવસોમાં બોર્ડની વેબસાઈટ www.gseb.rog પર મૂકવામાં આવશે.

# પુન્દ્રાસણ ખાતે મારૂતિવાનમાંથી દારુ ઝડપી પાડતી એલસીબી પોલીસ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક આવેલ પુન્દ્રાસણ ગામે વિસતમાતાના મંદિર પાસે પાર્ક કરેલી મારૂતિવાનમાં ગાંધીનગર એલસીબી પોલીસે ચેંકીગ કરતા તેમાથી દારુ-બિયરનો જથ્થો મળી આવ્યો હતો. વાનમાંથી ૧૩૨ બોટલ વિદેશી દારૂ, ૪૩૨ બિયરના ટીન મળી કુલ રૂ.૭૦,૮૦૦ અને મારૂતીવાનની કિં. રૂ.૧,૦૦,૦૦૦ ગણી એલસીબી પોલીસે તપાસઅર્થે કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પોલીસ મથકે ફરજ બજાવતા હે.કો. રણજીતસિંહ સરદારસિંહને ચોકકસ ખાનગી રાહે બાતમી મળી હતી કે પુન્દ્રાસણ ગામે ભાલુજીના વાસમાં આવેલ વિસત માતાના મંદિરવાળા ખાંચામાં એક મારૂતિવાન ગાડી નં. જી.જી.૧૮.બીએ-૫૧૯૩ પડી છે. જેમાં ઈગ્લીશ દારૂનો જથ્થો ભરેલો છે. જેનો પગલે એલસીબી પીએસઆઈ એચ.કે.સોલંકી તથા હે.કો.રાજેન્દ્રસિંહ જવાનસિંહ, રણજીતસિંહ સરદારસિંહ તથા પો.કો.ભૌમિકકુમાર કરણસિંહ, નરેશકુમાર પરબતભાઈ સાથે પુન્દ્રાસણ ગામે બાતમીવાળા સ્થાને આવતા મારુતિવાન પડી હતી. આ મારૂતિવાનના દરવાજા ખોલી તપાસ કરતા ઈગ્લીશ દારૂની બોટલો તથા બિયરના ટીન સીલ બંધ હાલતમાં પેટીઓ પડી હતી.જે જથ્થો જોતા ઈગ્લીશ દારૂની બોટલો નંગ-૧૩૨ તથા બિયરના ટીન ૪૩૨ નંગ મળી કુલ કિ.રૂ. ૭૦,૮૦૦નો દારૂ-બિયરનો જથ્થો ઝડપી પાડેલ તેમજ મારૂતિવાન કિ. રૂ. ૧,૦૦,૦૦૦ ગણી તપાસ અર્થે કબ્જે લીધેલ છે અને એલસીબી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દોલારાણા વાસણા ગામે યુવાનનો ગળા ફાંસો

ચિલોડા, તા.૩

ગાંધીનગર તાલુકાના દોલારાણા વાસણા ખાતે રહેતા દશરથસિંહ ભગવાનસિંહ રાઠોડના પુત્ર અંકિતસિંહ ડી. રાઠોરે (ઉ.વ. ૨૭) આજે બપોરના સમયે ઘરના બીજા માળે સાડીથી ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. આ અંગે મૃતકના પિતાએ ચિલોડા પોલિસ સ્ટેશનમાં જાણ કરતા પોલિસે ગુનો નોંધી અમરતભાઈ જીવણભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## કૃષ્ણકુંજ કેનેરાબેંકના એટીએમ તોડવાનો નિષ્ફળ પ્રયાસ

ગાંધીનગર, તા.૩

ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં સ્થિત કૃષ્ણકુંજ પાસે કેનેરા બેંકના એટીએમને કોઈ અજાણ્યા શખ્સે ગેસ કટરથી કાપવાની કોશિસ કરી હતી. જો કે આ શખ્સનો પ્રયાસ નિષ્ફળ રહેતા એટીએમની રોકડ સલામત રહી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. આ મામલે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ન્યુ ગાંધીનગરમાં કુડાસણના કૃષ્ણકુંજ વિસ્તારમાં કેનેરા બેંકનું એટીએમ કાર્યરત છે. આ એટીએમમાં કોઈ અજાણ્યા શખ્સે ગેસ કટરથી કેશ કાઢવાની કોશીસ કરી હોવાનો કિસ્સો ધ્યાને આવ્યો છે. એટીએમ મશીન ગેસ કટરથી કાપવાની અજાણ્યા શખ્સની હરકતથી સ્થાનિક વાસીઓ પણ દંગ રહી ગયા છે. આ મામલે નિલકંઠ એલીગન્સમાં વસવાટ કરતા ચિરંજીત ચક્વતીએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પેથાપુરના માર્ગો સામાન્ય વરસાદમાં પાણીમાં ગરકાવ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરને અડીને આવેલા પેથાપુર ગામમાં સામાન્ય વરસાદમાં પણ પાણીનો ખુબ ભરાવો થઈ જવા પામે છે. જેને પગલે ગામમાં આવન-જાવનમાં મુશ્કેલીનો સામનો વાહન ચાલકોને કરવો પડે છે. જયારે સિનિયર સિટીઝન અને નાના બાળકોને વરસાદી પાણી ભરાતા અને કાદવ-કિચડ તેમજ ખાડાઓના કારણે ભારે હાડમારી વેઠવાનો વારો આવે છે. પેથાપુરના નાગરીકોએ અનેકવાર તંત્રને ફરિયાદ કર્યા છતા નક્કર પરિણામ આવતુ નથી. જેને કારણે આમ નાગરીકને સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

ગાંધીનગર શહેરથી માત્ર ગણતરીની મિનીટોના અંતરે આવેલ પેથાપુર ગામ ૧૫ હજારથી વધુ વસ્તી ધરાવતુ ગામ છે. પરંતુ ગામના વિવિધ વાસમાં માર્ગોના પ્રશ્નો હજુ પણ યથાવત રહેલા છે. માર્ગ પરનું લેવલીંગ કામ યોગ્ય ન હોવાથી ગામમાં સામાન્ય વરસાદમાં પણ પાણીનો ભરાવો થતા ઘર આગળ તળાવ જેવા દશ્યો સર્જાય છે. ઘરમાંથી બહાર નીકળવુ પણ ગામ લોકો માટે મુશ્કેલીરૂપ બને છે. માર્ગ પર પાણીના ખાબોચીયાને પગલે વયોવૃધ્ધ નાગરીકો તેમજ બાળકોને ચાલવામાં ખુબ જ તકલીફનો સામનો કરવો પડે છે. જયારે ખાડા-ટેકરાવાળા માર્ગને કારણે વાહન ચાલકો પણ કંટાળી જાય છે. ત્યારે તંત્રને અનેકવાર રજુઆત કરવા છતા માર્ગનું યોગ્ય સમારકામ થતુ નથી. જેને પગલે દર ચોમાસે નાગરીકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તંત્ર દ્વારા પેથાપુરના નાગરીકો વિવિધ વાસના માર્ગોનું એન્જીનિયરની દેખરેખ હેઠળ કામ થાય તેમજ ચોમાસાની સિઝનમાં પણ પાણીનો ભરાવો ના થાય તેમ ઈચ્છી રહ્યા છે. ચોમાસાની સિઝનમાં રાત્રીના સમયે પાણીના ભરાવો તેમજ લાઈટના હોવાથી ઘણીવાર બાળકો તેમજ સિનિયર સિટીઝન પડી જતા નાની મોટી ઈજાઓ પણ પહોંચે છે. તો બીજી તરફ ટુ-વ્હીલર ચાલકો પણ ખાડાઓને પગલે કાબુ ગુમાવતા પડી જતા હાથે પગે ઈજા પહોંચવાના કિસ્સા બનવા પામે છે. ત્યારે માર્ગોનું કામ સત્વરે થાય તેવી નાગરીકોની લાગણી અને માંગણી છે.

## ચિરવિદાય

- સ્વ. કૈલાસબેન સરદારભાઈ ઓડ, ઉ.વ. ૩૮
- સ્વ. અરવિંદાબેન વાઘજીભાઈ વાઘેલા, ઉ.વ. ૭૦